તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-08-2024 સવારે : 10.10 થી 10.20

વાર : ગુરુવાર

## આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- ✓ દેશ આજે 78મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવી રહ્યો છે. – પ્રધાનમંત્રી મોદીએ લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવી દેશવાસીઓને સંબોધન કર્યું.
- ✓ શ્રી મોદીએ કહ્યું વિકસિત ભારત 2047ના સંકલ્પને પૂર્ણ કરવા કઠોર પરિશ્રમ ચાલી રહ્યો છે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના જવાનોને વીરતા પુરસ્કારોને મંજૂરી આપી.
- ✓ મધ્યપ્રદેશ અને તમિલનાડુના વધુ ત્રણ સ્થળની રામસર સાઇટ્સમાં ઉમેરો થતાં દેશભરમાં હવે રામસર સાઇટ્સની કુલ સંખ્યા 85 થઈ.
- ✓ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ બે વર્ષમાં બીજી વખત એમ. પોક્સને વૈશ્વિક જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી.
- ✓ CASએ વિનેશ ફોગાટની રજત ચંદ્રકની અરજી ફગાવી દીધી.

.......................................................

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# INDEPENDENCE DAY– SAMAROH

દેશ આજે 78મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવ્યો. વહેલી સવારે શ્રી મોદીએ રાજઘાટ જઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

લાલ કિલ્લા પરથી દેશવાસીઓને સંબોધિત કરતાં શ્રી મોદીએ જવાનોના બલિદાનને યાદ કર્યાં. તેમણે કહ્યું કે, આજે એક શુભ ક્ષણ છે જ્યારે આપણે દેશની આઝાદી માટે શહીદ થયેલા લોકોને અને આઝાદીના પ્રેમીઓને જેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છીએ.

શ્રી મોદીએ કહ્યું કે, દેશની રક્ષા અને નિર્માણ કરનારા ખેડૂતો, સૈનિકો, યુવાનો, માતા-બહેનોની દેશ પ્રત્યેની વફાદારી વિશ્વ માટે પ્રેરણાસ્ત્રોત છે. આ વર્ષે કુદરતી આપત્તિના કારણે પોતાના પરિવારના સભ્યો ગુમાવનારા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશ તેમની સાથે છે. તેમણે કહ્યું કે, સરકાર અને વહીવટી તંત્રએ આવી આપત્તિને પહોંચી વળવા તેમની ક્ષમતા વધારવી પડશે. શ્રી મોદીએ કહ્યું કે, દેશને વર્ષ 2047 સુધીમાં વિકસિત બનાવવા માટે દેશવાસીઓએ અસંખ્ય સૂચન આપ્યા છે.

**(ઓડિયો – પ્રધાનમંત્રી, વિકસિત ભારત)**

આ સૂચનોમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવા, પરંપરાગત દવા અને આરોગ્ય કલ્યાણ ક્ષેત્રે વિકસિત દેશ બનવા, દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા, કૌશલ્ય અને ટેક્નોલોજી વિકસાવવા અને દેશને વૈશ્વિક શક્તિ બનાવવાની વાતનો સમાવેશ થાય છે.

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, જો દેશ માટે મરવાની પ્રતિબદ્ધતા દેશને આઝાદી અપાવી શકે છે તો દેશ માટે જીવવાની પ્રતિબદ્ધતા દેશને સમૃદ્ધ બનાવી શકે છે. શ્રી મોદીએ કહ્યું કે, લોકોને વીજળી અને શુદ્ધ પાણી ઉપલબ્ધ થયું છે અને તેનાથી લોકોનો વિશ્વાસ વધ્યો છે. સ્થાનિક ઉત્પાદનો અંગે શ્રી મોદીએ કહ્યું કે,.

(ઓડિયો – local forvocal)

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે દેશ આકાંક્ષાઓથી ભરેલો છે, યુવાનો નવી ઊંચાઈઓ પર પહોંચવા માંગે છે, તેથી સરકાર દરેક ક્ષેત્રમાં નવી તકો ઊભી કરવા, માળખાકીય સુવિધા ઊભી કરવા અને નાગરિકોના જીવનને સરળ બનાવવા માટે કામ કરી રહી છે. તેમણે દેશવાસીઓએ જનતાની સેવા કરવાની બીજી તક બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો અને નવા આત્મવિશ્વાસ, નવા સંકલ્પ અને નવા ઉત્સાહ સાથે દેશની સેવા કરવા આગળ વધી રહ્યો છું. તેમ જણાવ્યુ.

જાડા ધાન્યના મહત્વ પર ભાર મુક્તા શ્રી મોદીએ કહ્યું કે,

(ઓડિયો – shri ann)

દેશમાં તબીબી શિક્ષણની પહોંચ વધારવા પ્રધાનમંત્રીએ આગામી પાંચ વર્ષમાં નવી 75 હજાર તબીબી બેઠકો ઉમેરવાની જાહેરાત કરી.

..................................................................

## *WORLD LEADERS CONGRATULATES INDIA*

વિશ્વના નેતાઓએ ભારતને 78મા સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છા પાઠવી છે. અમેરિકાના સેક્રેટરી ઑફ સ્ટેટ એન્ટની બ્લિન્કને બંને રાષ્ટ્ર વચ્ચેના સંબંધને વધાવતા ભારતને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શ્રી બ્લિન્કને કહ્યું, અમેરિકા ભારતીય લોકોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર ઇતિહાસની ઉજવણી કરે છે. શ્રી બ્લિન્કને ઉમેર્યું, ભારત-અમેરિકા સહયોગ ઝડપથી આગળ વધી રહ્યો છે. ઇઝરાયેલે પણ આ પ્રસંગે ભારતને શુભકામનાઓ પાઠવી હતી. ભારતમાં ઇઝરાયેલના રાજદૂત નાઓર ગિલોન પણ હર ઘર તિરંગા અભિયાનમાં જોડાયા હતા.

..............................................................

## BHARAT SRI LANKA MAITRI UTSAV

ભારતના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રીલંકામાં ભારતીય દૂતાવાસ અને સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા આયોજિત ભારત શ્રીલંકા મૈત્રી ઉત્સવનું આયોજન કરાયું.

કોલંબોના ઈન્ડિપેન્ડન્સ સ્ક્વેર ખાતે આજે સાંજે ઉદ્ઘાટન થનાર આ મહોત્સવને બંને દેશ વચ્ચેની મિત્રતાના વાઈબ્રન્ટ કાર્નિવલ તરીકે જોવામાં આવે છે. 4 દિવસ સુધી યોજાનારા મહોત્સવમાં હેન્ડીક્રાફ્ટ ફેર, ફૂડ ફેસ્ટિવલ અને સાંસ્કૃતિક પરફોર્મન્સ જોવા મળશે.

..............................................................

## *ID- PUNJAB*

પંજાબમાં સ્વાતંત્ર્ય  દિવસની પૂર્વ સંધ્યાએ ગઈકાલે ગુરદાસપુર ખાતે ભારતીય સેનાની ટેન્ક T-55 સ્મારક તરીકે સ્થાપિત કરવામાં આવી, જેનો હેતુ યુવા પેઢીને ભારતીય સેનાની બહાદુરીથી વાકેફ કરવાનો છે.

..............................................................

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

## PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના એકસો ત્રણ જવાનોને વીરતા પુરસ્કારોને મંજૂરી આપી છે. જેમાં 4 કિર્તિ ચક્ર, 18 શૌર્ય ચક્ર અને 63 સેના ચંદ્રકઓંનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કોસ્ટ ગાર્ડ માટે કેટલાક પુરસ્કારોને પણ મંજૂરી આપી છે. આ સન્માન સૈનિકોને તેમની અસાધારણ બહાદુરી, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને નોંધપાત્ર સેવાઓ માટે આપવામાં આવી રહ્યું છે. આ સાથે પોલીસમાં વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રપતિના પોલીસ ચંદ્રક પણ જાહેર કરાયા છે. જેમાં ગુજરાત પોલીસના 21 અધિકારી જવાનોનો સમાવેશ કરાયો છે.

રાજ્ય પોલીસમાં ફરજ બજાવતા બે અધિકારીઓને વિશિષ્ટ સેવા પોલીસ ચંદ્રક અને 19 અધિકારી જવાનોને પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો જાહેર કરાયા છે. સ્વતંત્રતા દિવસ નિમિત્તે પોલીસ, ફાયર, હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ અને સુધારાત્મક સેવાઓના કુલ 1037 જવાનોને શૌર્ય અને સેવા ચંદ્રક એનાયત કરાશે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે શૌર્ય અને સેવા મેડલથી સન્માનિત તમામ જવાનોને અભિનંદન પાઠવ્યા છે.

.................................................................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો..

.....................................................................

# INDIA-RAMSAR SITE

મધ્યપ્રદેશ અને તમિલનાડુના વધુ ત્રણ સ્થળની રામસર સાઇટ્સમાં ઉમેરો થતાં હવે દેશભરમાં રામસર સાઇટ્સની કુલ સંખ્યા 85 થઈ છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, 3 નવી રામસર સાઇટમાં તમિલનાડુમાં નંજ નારાયણ પક્ષી અભ્યારણ, કાઝુવેલી પક્ષી અભ્યારણ અને મધ્યપ્રદેશના તવા જળાશયને યાદીમાં ઉમેરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર  મોદીએ આ આનંદના અવસર પ્રસંગે ટકાઉ વિકાસ તેમજ પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવા માટે સરકારની પ્રાથમિકતા દર્શાવે છે તેમ જણાવ્યું હતું. તેઓએ રામસર સાઇટમાં સ્થાન મેળવનાર મધ્યપ્રદેશ અને તમિલનાડુના લોકોને અભિનંદન આપ્યા હતા.

.....................................................................

# *IOA-VINESH PHOGAT*

ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA)એ  પેરિસ ઓલિમ્પિકમાં મહિલા 50 કિલો ગ્રામ વજન  સ્પર્ધામાં રજત ચંદ્રક માટેની ભારતીય કુસ્તીબાજ વિનેશ ફોગાટની અરજીને રમતની આર્બિટ્રેશન (CAS) કોર્ટે ફગાવી દીધી.

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC). IOA એ તેના નિવેદનમાં કહ્યું છે કે, તે વિનેશના કેસની સુનાવણી થાય તે સુનિશ્ચિત કરવા માટે તેઓ પ્રતિબદ્ધ છે.તે રમતગમતમાં ન્યાય અને નિષ્પક્ષતાની હિમાયત કરવાનું ચાલુ રાખશે, રમતવીરો અને રમતગમતના ક્ષેત્રમાં દરેક વ્યક્તિના અધિકારો અને ગૌરવ હંમેશા જાળવી રહે તે સુનિશ્ચિત કરાશે.

ચુકાદા બાદ, ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA)ના પ્રમુખ પીટી ઉષાએ યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) સામે કુસ્તીબાજ વિનેશ ફોગાટની અરજીને ફગાવી દેવાના CASના એક માત્ર આર્બિટ્રેટરના નિર્ણય પર આઘાત અને નિરાશા વ્યક્ત કરી છે.

..............................................................

## *HOCKEY-SREEJESH*

હોકી ઈન્ડિયાએ ગોલકીપર પી.આર શ્રીજેશના સન્માનમાં રાષ્ટ્રીય વરિષ્ઠ પુરૂષ ટીમમાંથી 16 નંબરની જર્સીની નિવૃતી જાહેરાત કરી છે. હોકી ઈન્ડિયાએ એક નિવેદનમાં શ્રીજેશને 'આધુનિક ભારતીય હોકીના ભગવાન' ગણાવ્યા હતા. રમત-ગમત વિભાગે જણાવ્યું હતું કે, વરિષ્ઠ ટીમનો કોઈપણ ખેલાડી હવે પછી 16 નંબરની જર્સી પહેરશે નહીં. શ્રીજશે તાજેતરમાં સફળ પેરિસ ઓલિમ્પિક બાદ હોકીમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. શ્રીજેશનો નિવૃત્તિનો નિર્ણય 18 વર્ષની લાંબી કારકિર્દી પછી લીધો છે. જેમાં 2020 અને 2024માં ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ મેળવવાનો સમાવેશ થાય છે. હોકી ઈન્ડિયાએ શ્રીજેશને જુનિયર પુરુષોની હોકી ટીમના કોચ તરીકે નિયુક્ત કરવાનો પણ નિર્ણય લીધો છે.

..............................................................

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# *WHO-MPOX*

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ બે વર્ષમાં બીજી વખત એમપોક્સને વૈશ્વિક જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે. WHO એ આ રોગચાળા રોક માટે આકસ્મિક ભંડોળમાં 1.5 મિલિયન અમેરિકી ડોલરની સહાય પૂરી પાડી છે અને આગામી દિવસોમાં વધુ સહાય જાહેર કરવાની યોજના છે.

અગાઉ આફ્રિકાની ટોચની જાહેર આરોગ્ય સંસ્થાએ આ વર્ષે 17 હજારથી વધુ શંકાસ્પદ કેસ અને મુખ્યત્વે કોંગોમાં બાળકોમાં 500થી વધુ મૃત્યુ પછી એમ.પોક્સ કટોકટી જાહેર કરી હતી.

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં વાયરલ ચેપ ફેલાયા પછી આરોગ્ય કટોકટીની જાહેરાત કરવામાં આવી હતી. જે પછીથી બુરુન્ડી, કેન્યા, રવાન્ડા અને યુગાન્ડા સહિતના પાડોશી દેશમાં ફેલાઈ ગઈ હતી. Mpox નજીકના સંપર્ક દ્વારા ફેલાય છે. સામાન્ય રીતે હળવા હોય છે,તે દુર્લભ કિસ્સાઓમાં જીવલેણ હોય છે.

..........................................................................

# AIBA-HINDENBURG

ઓલ ઈન્ડિયા બાર એસોસિએશન (AIBA)એ હિંડનબર્ગ રિપોર્ટ દ્વારા ભારતના વિકાસના માર્ગને નુકસાન પહોંચાડવાના કથિત આંતરરાષ્ટ્રીય કાવતરાની સંપૂર્ણ તપાસની માંગ કરી છે. AIBAએ કેન્દ્ર સરકારને પત્ર લખીને અહેવાલના મૂળ અને તેની અસરોની વ્યાપક તપાસ કરવા વિનંતી કરી છે.

AIBA એ દાવો કર્યો છે કે, હિંડનબર્ગ રિપોર્ટ એવા સમયે ભારતના દુશ્મનો દ્વારા કરવામાં આવેલા હેતુપૂર્વકના પ્રયાસનો એક ભાગ છે જ્યારે દેશ આર્થિક વૃદ્ધિ

તા. 15-08-2024

સમય : સવારે 7.45(નેશનલ)

અને સ્થિરતાથી આગળ વધી રહ્યો છે. AIBAના અધ્યક્ષ આદિશ સી. અગરવાલાએ આરોપ લગાવ્યો હતો કે હિંડનબર્ગ રિપોર્ટ ભારત વિરોધી દેશોની સામૂહિક વ્યૂહરચનાનો ભાગ હોઈ શકે છે જેનો ઉદ્દેશ કેન્દ્ર સરકાર અને ભારતમાં મોટા બિઝનેસ એન્ટરપ્રાઈઝને નબળો પાડવાનો છે.

AIBA અધ્યક્ષે ઉમેર્યું કે સેબીના ચેરપર્સન માધાબી પુરી બૂચ અને તેમના પતિ ધવલ બુચ સામે હિંડનબર્ગના તાજેતરના આરોપોમાં તેમને કોઈ યોગ્યતા દેખાતી નથી. હિંડનબર્ગ રિસર્ચ અને તેના અહેવાલોમાં વિશ્વસનીયતાનો અભાવ હોવાનું પણ જણાવ્યું હતું.

.............................................................